**દાહોદના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, દાહોદ.**

**ફોજદારી કેસ નં. :-૪૦૫૭/૨૦૨૪.**

**આંક-૧ તળે હુકમ.**

(૧) આ કામના **આરોપી કરણભાઈ સુરમલભાઈ આમલીયાર, રહે.દાહોદ ઉસરવાણ, માળી ફળીયુ, તા.જી.દાહોદવાળા** વિરૂધ્ધ એમ.વી.એકટ કલમ-૧૮૫ તથા ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ-૬૬(૧)બી મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપી તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થતા આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૭ હેઠળ તેમની સામેના કેસના પોલીસ પેપર્સના કાગળોની નકલ આપવામા આવેલ. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપીએ તેઓની સામેનો ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

(૩) આજરોજ આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ અને તેઓના વિ.વ.શ્રીએ તેમની મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, પ્રથમવારનો ગુન્હો છે અને ફરી આવો ગુન્હો નહી કરે તેની ખાત્રી આપેલ છે અને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા જણાવે છે. જેથી દયાભર્યો હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીક રીતે પોતાની વિરુધ્ધનો ગુનો કબૂલ કરે છે. આમ, આરોપીની સદર ગુના કબુલાત સાચી અને સ્વૈચ્છીક હોઈ સદર કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. વધુમા, ના. સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ સુખદેવ સિંહ અને અન્ય ૧૯૯૨ (૩) એસસીસી ૭૦૦ ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ ન્યાયીક કાર્યવાહીના કોઈપણ તબકકે આરોપી દ્વારા સ્વેચ્છાએ ગુનાની કબુલાત થઈ શકે અને તે કબુલાત ઉપર આધાર રાખી શકાય છે.

(૫) **ધી મોટર વ્હીકલ એક્ટની કલમ-**202 **માં પોલીસ ઓફિસરને વોરંટ વગર ધરપકડ કરવાની સત્તા આપવામાં આવેલ છે પણ ધરપકડ કરવાની એકમાત્ર સત્તા હોવાનાં કારણ માત્રથી આ ગુનો કોગ્નીઝેબલ ગણાયલે મેજીસ્ટ્રેટ પોલીસ ચાર્જશીટનાં આધારે કોગ્નીઝન્સ લઇ શકેલ પોલીસે કરેલ ચાર્જશીટને ફરીયાદ તરીકે ગણી શકાય વિગેરે મુદ્દાઓ બાબતે અને મોટર વ્હીકલ એક્ટની** કલમ-185, 202 **અને** 203 **નાં સીધા પરીપેક્ષમાં** (1) **મહેબુબ કોયા મોઇદી વિ.રાજ્ય,** 2011 ક્રિ.લો.જ.2795, (2) **પોરીન્યુ ટી.કે.** વિ. **સ્ટેટ ઓફ કેરાલા,** ક્રિ.પ.અ.નં.1082/2011, (3) **સંદિપ ઇન્દ્રવદન સાગર વિ. મહારાષ્ટ્ર રાજ્ય અને બીજા,** 2013 ક્રિ.લો.જ.1147, (4) **સીગ્મોન ઉર્ફે પ્રકાશ વિ. કેરેલા રાજ્ય** 2014 ક્રિ.લો.જ.4657, (5) **રાની શશાંક દોષી વિ. મહારાષ્ટ્ર રાજ્ય (ડીવીઝન બેન્ચ)** (2014) 1 **બીઓએમસીઆર (કરાઇમ)** 339, (6) **પબ્લિલ પ્રોસીક્યુટર વિ.** એ.વી.**રમીહા** 1958 ક્રિ.પ.અ.નં.702/2011, (7) **પશ્ચિમ બંગાળ રાજ્ય વિ. જોગીન્દર મલિક,** 1979 ક્રિ.લો.જ.549, (8) **નારાયણસિંહ વિ.** રાજ્ય 1986 (1) **કરાઇમ્સ** 535 **નાં ચૂકાદાઓમાં નામ. વડી અદાલતોએ ઉપસ્થિત થયેલ તમામ મુદ્દાઓની વિગતવાર ચર્ચા કરી સ્પષ્ટ રીતે એવા ન્યાયિક અવલોકનો અને નિર્ણયો કરેલ છે કે મોટર વ્હીકલ**

એક્ટની કલમ-202 માં પોલીસને વોરંટ વગર ધરપકડ કરવાની જે સત્તા આપવામાં આવેલ છે તે બે શરતો ઉપર આધારીત છે જેવી કે (1) પોલીસ ઓફિસર યુનિફોર્મમાં હોવા જોઇએ અને ધરપકડનાં બે કલાકમાં રજીસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીશ્નર પાસે આરોપીને રજૂ કરવા ફરજીયાત છે તથા (2) યુનિફોર્મમાં સજ્જ પોલીસ ઓફિસરની હાજરીમાં આ અધિનિયમ મુજબનો ગુનો કરવામાં આવેલ હોય તો જ પોલીસ ઓફિસરને ધરપકડની સત્તા રહેલી છેઈ મોટર વ્હીકલ એક્ટની કલમ-202 અને 203 માં પોલીસને ધરપકડની કોઇ અનિયંત્રિત સત્તા આપવામાં આવેલ નથી. ધરપકડની આવી સત્તા સંજોગો અનુરૂપ સ્પેશ્યલ કાર્યવાહી હેતુ જ આપવામાં આવેલ છે. ધરપકડની આવી નિયંત્રિત સત્તા હોવાનાં કારણ માત્રથી જ મોટર વ્હીકલ એક્ટની કલમ-184, 185 અને 197 મુજબનાં ગુનાઓ કોગ્નીઝેબલ બની જતા નથી. મોટર વ્હીકલ એક્ટની કલમ-185 મુજબનાં ગુના બાબતે કરવામાં આવેલી સજાની જોગવાઇ સાથે કિરમીનલ પ્રોસીજર કોડ, 1973 નાં શીડ્યુઅલ-1 નાં ભાગ-2 નાં ક્રમાંક નં.3 માં કરવામાં આવેલ જોગવાઇ ધ્યાને લેતા સદર ગુનો સ્પષ્ટપણે નોન – કોગ્નીઝેબલ ગુનો ગણાય અને તેથી તે બાબતે કિરમીનલ પ્રોસીજર કોડની કલમ-155(2)માં કરવામાં આવેલ જોગવાઇ મુજબની પરવાનગી લીધા જો તપાસ કરવામાં આવે તો તે ગેરકાયદેસર ગણાય છે. મેજીસ્ટ્રેટ પોલીસ ચાર્જશીટનાં આધારે કોગ્નીઝન્સ લઇ શકે નહી. પોલીસ દ્વારા કરવામાં આવેલ આવી ચાર્જશીટને ફરીયાદ તરીકે પણ માન્ય રાખી શકાય નહી એવા સ્પષ્ટ રીતે ન્યાયિક અવલોકનો કરી નિર્ણયો આપવામાં આવેલ છે.

(૬) નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧) જી.એલ.આર. પેજ નં.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરલાલ હરીચંદજી ઠાકોરનાં કેસમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતને નજર સમક્ષ રાખતા આરોપીની સદર સ્વૈચ્છીક કબુલાત, ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહીં કરવાની ખાત્રી આપે છે તેમજ તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાવે છે. તે સંજોગોમા ગુના અંગે સજાની જોગવાઈ, કેસની હકકીત અને સંજોગો ધ્યાને લેતા આરોપીને સબક સ્વરૂપે હળવી શિક્ષા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછી સજા અને દંડ કરવો જોઈએ તવું અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવુ છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૨૪૧ અન્વયે આરોપી **આરોપી કરણભાઈ સુરમલભાઈ આમલીયાર, રહે.દાહોદ ઉસરવાણ, માળી ફળીયુ, તા.જી.દાહોદ**નાઓને તેઓની વિરૂધ્ધના પ્રોહીબીશન એકટની કલમ: ૬૬(૧) (બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/– (અંકે રૂપીયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. દંડની રકમ જમા કરાવવામાં કસુર કર્યેથી દિન–ર ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪મી, માહે ડિસેમ્બર, સને ૨૦૨૪ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :–૧૪/૧૨/૨૦૨૪.
દાહોદ.

ઈ/ચા.એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
દાહોદ